જાન્યુઆરી-2021

# પરિષદવૃત્ત

**સંકલન : કીર્તિદા શાહ**

ગુજરાતી સાહિત્ય પરિષદમાં પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં તા.27-12-20ના રોજ નવા વરાએલા પ્રમુખશ્રી અને નવનિયુક્ત હોદ્દેદારોના પદગ્રહણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો આરંભ ‘જય જય ગરવી ગુજરાત’ના ગાનથી થયો. સ્વાગતભૂમિકા મહામંત્રીશ્રીએ આપી. ત્યાર પછી શ્રી પ્રવીણ પંડ્યાએ વરાયેલા પ્રમુખશ્રીનો પરિચય આપ્યો. આ કાર્યક્રમ માટે ભૂતપૂર્વપ્રમુખશ્રીઓ રઘુવીર ચૌધરી, ધીરુબહેન પટેલ, કુમારપાળ દેસાઈ, વર્ષા અડાલજા, ધીરુ પરી, ચન્દ્રકાન્ત ટોપીવાળાએ શુભેચ્છા-સંદેશ મોકલ્યા હતા તે સંદેશા પણ રજૂ થયા. ત્યારબાદ કાર્યભારની સોંપણી શરૂ થઈ જેમાં નિવૃત્ત થતા પ્રમુખશ્રીના ઉદ્દબોધન બાદ ઉપપ્રમુખ માધવ રામાનુજે પરિષદનો લોગો આપીને વરાયેલા પ્રમુખશ્રી પ્રકાશ ન. શાહને કાર્યભાર સોંપણી કરી હતી. અતિથિવિશેષ તરીકે શ્રી વિપુલ કલ્યાણીએ ઑનલાઈન રહીને શુભકામના પાઠવી હતી. ત્યારબાદ શ્રી પ્રકાશ ન. શાહે ‘રણજિતરામના સિપાહી’ શીર્ષકથી મનનીય પ્રમુખીય વક્તવ્ય આપ્યું. કાર્યક્રમને સફળ બનાવનારા સૌનો આભાર માનવામાં આવ્યો. કાર્યક્રમને અંતે વર્ષ દરમિયાન અવસાન પામેલા સાહિત્યકારોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

કોરોના મહામારીને લક્ષ્યમાં રાખીને સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવાની વ્યવસ્થા પરિષદ કાર્યાલયના સૌ મિત્રોએ સાથે મળીને ગોઠવી હતી.

મિત્રો, પરિષદના વિકાસની દેખભાળ હવે 2021થી નવા નિયુક્ત થયેલા આયોજકો કરશે. આપણું નૂતન વર્ષ 2021થી શરૂ થશે. નવા વર્ષનું આગમન જીવમાત્રને અને સમગ્ર પરિષદપરિવારને સંજીવની પૂરી પાડે એવી અભ્યર્થના. સૌ આજીવન સભ્યોએ એમનો વિશ્વાસ નવનિયુક્ત સમિતિ પર મૂક્યો છે તે સૌને માટે કુશળ-મંગળની પ્રાર્થના.